ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.)ની વર્ષ ૨૦૧૬-૧૭માં બીજા હપ્તા પેટે રૂ.૧૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ તેમજ રૂ.૨૦.૦૦ લાખ કન્ટીજન્સી ગ્રાન્ટ, એમ કૂલ રૂ.૩૦.૦૦ લાખની ગ્રાન્ટ છુટી કરવા બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપબ/૧૩૧૨/૨૩૪૭૨૨/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા: ૩૦/૦૩/૨૦૧૭.

વંચાણમાં લીધા:-

૧. આ વિભાગનો તા:૨૬/૦૭/૨૦૧૬નો સમાન ક્રમાંકનો ઠરાવ.

૨. ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરનો તા:૨૧/૦૩/૨૦૧૭નો પત્ર ક્રમાંક:ગુઅપવિવિ/૨૦૧૭/૧૧૪૮-૪૯.

આમુખ:-

ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરની વહીવટી ગ્રાન્ટ માટે વર્ષ:૨૦૧૬-૧૭ માં રૂ.૩૫.૦૦ લાખ તેમજ કન્ટીજન્સી ગ્રાન્ટ માટે રૂ.૮૦.૦૦ લાખની આયોજન સદરે ચાલુ બાબત તરીકે બજેટ જોગવાઈ થયેલ, જે અંગે વંચાણે લીધેલ ક્રમ:૧ પરના તા:૨૬/૦૭/૨૦૧૬ના ઠરાવથી પ્રથમ હપ્તા પેટે રૂ.૧૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ તેમજ રૂ.૨૫.૦૦ લાખ કન્ટીજન્સી ગ્રાન્ટ, એમ કૂલ રૂ.૪૦.૦૦ લાખની ગ્રાન્ટ છુટી કરવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમ:૨ પરના તા:૩૧/૦૩/૨૦૧૭ના પત્રથી ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગર દ્વારા બીજા હપ્તા પેટે રૂ.૧૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ તેમજ રૂ.૨૦.૦૦ લાખ કન્ટીજન્સી ગ્રાન્ટ, એમ કૂલ રૂ.૩૦.૦૦ લાખની ગ્રાન્ટ છુટી કરવા દરખાસ્ત કરેલ છે.

ઠરાવ:

ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.)ની ઉકત દરખાસ્ત પરત્વે નિગમની વહીવટી ગ્રાન્ટની કૂલ રૂ.૩૫.૦૦ લાખની જોગવાઈમાંથી બાકી રહેતા રૂ.૧૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ તેમજ

કન્ટીજન્સી ગ્રાન્ટની કુલ રૂ.૮૦.૦૦ લાખની જોગવાઈમાંથી રૂ.૨૦.૦૦ લાખ એમ બીજા હપ્તા પેટે કુલ – રૂ.૩૦.૦૦ લાખની ગ્રાન્ટની મંજૂરી નીચેની શરતોની આધિન આપવામાં આવે છે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ:૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં માંગણી નંબર-૯૫, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિ/આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્રે અને અન્ય ઉપક્રમોમાં મુડી રોકાણ, પેટા-સદર (૩) બીસીકે-૪૧ અનુસૂચિત જાતિ પેટા યોજના બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડ હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૨૯/૦૩/૨૦૧૭ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(એચ.બી.ઠાકોર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, **ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.)**, ૪/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ-૨૦૧૭.